# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

**************************************************

1) પાકિસ્તાન અને પાકિસ્તાનના કબ્જા હેઠળનાં કાશ્મીરમાં ભારતનું 'ઓપરેશન સિંદુરઃ' હવાઈ હૂમલામાં નવ આતંકવાદી થાણા નષ્ટ કર્યા.

2) આજે દેશના 244 જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ યોજાશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતનું પાણી ભારતના લાભ માટે વહેશે અને તેનો ઉપયોગ ભારતની પ્રગતિ માટે કરાશે.

4) કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ- CUET-UG 13 મે પર મુલતવી રાખવામાં આવી.

5) IPLમાં, ગુજરાત ટાઇટન્સે વરસાદથી પ્રભાવિત મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને DLS પદ્ધતિ દ્વારા ચાર વિકેટથી હરાવ્યું

.....................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# OPERATION SINDOOR1

પહલગામમાં આતંકવાદી હૂમલાનાં 15 દિવસ બાદ ભારતીય લશ્કરે ગઈ મધરાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાનનાં કબ્જા હેઠળનાં કાશ્મીર-POKમાં હવાઈ હૂમલા કરીને આતંકવાદીઓનાં નવ અડ્ડા નષ્ટ કર્યા હતા. ભારતીય સેનાએ લશ્કર એ તોઇબા, જૈશ એ મહમ્મદ અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી સંગઠનોનાં છુપા થાણાને નષ્ટ કર્યા હતા.

લશ્કરે સિયાલકોટ, બરનાલા, મુઝફ્ફરાબાદ, તેહરીકલાં અને મુરીદકે જેવા પાકિસ્તાન અને પીઓકેનાં સ્થળોને નિશાન બનાવ્યા હતા.

ઓપરેશન સિંદુર નામની આ કાર્યવાહીનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાત્રિ દરમિયાન પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કર્યું હતું. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર સંરક્ષણ મંત્રીએ લખ્યું, ભારત માતા કી જય.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ભારતીય લશ્કરની પ્રશંસા કરતા લખ્યું જય હિન્દ. જય હિન્દ કી સેના. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કુલ નવ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે આ પગલું કેન્દ્રીત, નિશ્ચિત અને સંયમિત હતું, જેમાં પાકિસ્તાની લશ્કરી મથકોને નિશાન બનાવવામાં આવ્યા નથી. લશ્કરે લક્ષ્યોની પસંદગી અને અમલીકરણની પદ્ધતિમાં નોંધપાત્ર સંયમ દર્શાવ્યો છે.

રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલે અમેરિકામાં તેમના સમકક્ષ સાથે વાતચીત કરી હતી. અમેરિકામાં ભારતનાં દુતાવાસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી હતી. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે લોકો જાણતા હતા કે કંઈક થવાનું છે. તેમણે આશા વ્યક્ત કરી કે બંને દેશો વચ્ચેનો તણાવ ટૂંક સમયમાં સમાપ્ત થશે. દરમિયાન, પાકિસ્તાને ફરી એક વાર સંઘર્ષ વિરામ ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કર્યો છે. ગોળીબારમાં

ભારતનાં ત્રણ નિર્દોષ નાગરિકોનાં મૃત્યુ થયા છે. ભારતીય સેના ગોળીબારનો જડબાતોડ જવાબ આપી રહી છે. ભારતીય સેના સવારે 10 કલાકે પત્રકાર પરિષદમાં ઓપરેશન સિંદુર અંગે વધુ માહિતી આપશે.

# MOCDRIL

આજે દેશના 244 જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ યોજાશે, એમ ફાયર સર્વિસીસ, નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ્સના મહાનિર્દેશક વિવેક શ્રીવાસ્તવે જણાવ્યું હતું. તૈયારીઓની કવાયત હોવાને કારણે સામાન્ય લોકોએ ગભરાવવાની જરૂર નથી તેવી તેમણે અપીલ કરી હતી. તેમણે સ્વયંસેવકો સાથે સહયોગ કરવાની પણ નાગરિકોને અપીલ કરી હતી. આકાશવાણી ન્યૂઝ સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં, તેમણે કહ્યું કે આ કોઈપણ બાહ્ય ખતરાનો સામનો કરવા માટે લોકોને તૈયાર કરવાની એક કવાયત છે.

# MOCDRIL STATE

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આજે સિવિલ ડીફેન્સ મોક ડ્રીલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાતના 18 જીલ્લાઓમં આજે સાંજે સાડા સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી અંધારપટ છવાશે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નાગરિકોને સહેજ પણ ગભરાયા વિના આ મોકડ્રિલમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

## (બાઇટ- હર્ષ સંઘવી ગૃહરાજ્ય મંત્રી)

# RAJASTHAN AIRFORCE EXERCISE

ભારતીય વાયુસેનાએ આજે રાજસ્થાનમાં પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બે દિવસીય વિશાળ સૈન્ય કવાયત શરૂ કરી છે. ભારતીય વાયુસેનાએ કહ્યું છે કે આ એક પૂર્વ-આયોજિત તાલીમ કવાયત છે જેમાં રાફેલ, સુખોઈ-30 અને જગુઆર જેવા અગ્રણી લડાકુ વિમાનો ભાગ લેશે.
ભારતીય હવાઇમથક સત્તામંડળે આપેલી સૂચના અનુસાર, આ કવાયત આજે સવારે શરૂ થઈ છે અને આવતીકાલે સવારે 9.30 વાગ્યા સુધી ચાલશે. આ સમય દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારોમાં હવાઈ ક્ષેત્ર પ્રતિબંધિત રહેશે.

# PM PRIVATE TV CHANNEL PROGRAM-1

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતનું પાણી ભારતના લાભ માટે વહેશે, તેનો સંચય ભારતના લાભ માટે કરવામાં આવશે અને તેનો ઉપયોગ ભારતની પ્રગતિ માટે કરવામાં આવશે. ગઈકાલે નવી દિલ્હીમાં એક ખાનગી ટીવી ચેનલના સંમેલનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, દાયકાઓ સુધી, નદીના પાણીનો ઉપયોગ રાજ્યો વચ્ચેના વિવાદો માટે થતો હતો.

તેમણે કેન-બેતવા જોડાણ પરિયોજના અને પાર્વતી-કાલીસિંધ-ચંબલ જોડાણ પરિયોજના જેવી મુખ્ય પરિયોજનાઓનો ઉલ્લેખ કરતા ભારપૂર્વક જણાવ્યું કે આ યોજનાઓથી પાણીની સુલભતા સુનિશ્ચિત થશે અને લાખો ખેડૂતોને લાભ થશે.

## (BYTE PM ON WATER)

ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વેપાર સમજૂતીની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ સમજૂતી આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે અને ભારતીય વેપાર અને એમએસએમઈ માટે તકોનું સર્જન કરશે. શ્રી મોદીએ જણાવ્યું કે છેલ્લાં 10-11 વર્ષમાં તેમની સરકારે વર્ષોથી અનિર્ણિત મુદ્દાઓનો ઉકેલ લાવવા નિર્ણયાત્મક પગલાં લીધાં છે. તેમણે બેન્કિંગ ક્ષેત્રમાં થયેલા સુધારા અંગે આ મુજબ જણાવ્યું.

## (BYTE PM ON BANKING)

મુંબઈમાં તાજેતરમાં યોજાયેલા વેવ્સ શિખર સંમેલનનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ નોંધ્યું કે એકલા યુટ્યુબે છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય સામગ્રી નિર્માતાઓને 21 હજાર કરોડ રૂપિયા ચૂકવ્યા છે, જે સાબિત કરે છે કે સ્માર્ટફોન સંચાર સાધનોથી આગળ વધીને સર્જનાત્મકતા અને આવક પેદા કરવા માટેનું શક્તિશાળી માધ્યમ બન્યાં છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# CUE

અન્ડર ગ્રેજ્યુએટ કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ 13મે સુધી મુલતવી રાખવામાં આવી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ગઈકાલે રાત્રે આ જાહેરાત કરી હતી. શરૂઆતમાં પરીક્ષા આવતીકાલથી શરૂ થવાની હતી. NTA એ જણાવ્યું હતું કે, શહેરની સૂચના સ્લિપ આજ સુધીમાં જારી કરવામાં આવશે. CUET-UG માં આ વર્ષે રેકોર્ડ 13.5 લાખ અરજીઓ આવી છે. ગયા વર્ષથી પેટર્નમાં ફેરફાર કરીને, પરીક્ષા ફક્ત કમ્પ્યુટર-આધારિત ટેસ્ટ મોડમાં જ લેવામાં આવશે. 2024 માં પ્રથમ વખત આ પરીક્ષા હાઇબ્રિડ મોડમાં લેવામાં આવી હતી.

# IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈ કાલે રાત્રે વાનખેડે સ્ટેડિયમ ખાતે વરસાદથી પ્રભાવિત છેલ્લાં બોલની રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે DLS પદ્ધતિ દ્વારા ચાર વિકેટથી જીત મેળવી હતી. આ જીત સાથે ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે મુંબઇ ઇન્ડિયન્સ ચોથા સ્થાને આવી ગયું છે.

પહેલા બેટિંગ કરવા માટે આમંત્રણ મળ્યા બાદ મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 155 રન બનાવ્યા હતા. વિલ જેક્સે 53 રન અને સૂર્યકુમાર યાદવે 35 રનનું યોગદાન આપ્યું. ગુજરાત ટાઇટન્સ વતી સાઈ કિશોરે 2 વિકેટ ઝડપી હતી.

જવાબમાં ગુજરાત ટાઇટન્સે વરસાદના બે વિક્ષેપો બાદ મેચના છેલ્લા બોલ પર 147 રનના સુધારેલા લક્ષ્યાંકનો પીછો કર્યો હતો. સુકાની શુભમન

ગિલે 46 બોલમાં 43 રન બનાવ્યા હતા. તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. મુંબઈ તરફથી ટ્રેન્ટ બોલ્ટ, જસપ્રિત બુમરા અને અશ્વની કુમારે બે-બે વિકેટ ઝડપી હતી.

# KHELO INDIA DELHI

ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં, દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે, રાજસ્થાનના આદિત્ય જાખરે પુરુષોની એક કિલોમીટર ટાઇમ ટ્રાયલ ઇવેન્ટમાં 1 મિનિટ 6.67 સેકન્ડના સમય સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. પંજાબના સાહિબપ્રતાપ સિંહ સરકારિયાએ 1 મિનિટ 8.84 સેકન્ડ સાથે રજત ચંદ્રક જીત્યો, જ્યારે જી. સાઈ ચરણ યાદવે 1 મિનિટ 9.05 સેકન્ડ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો.

# CBI COURT-OMC CASE

હૈદરાબાદની એક વિશેષ CBI અદાલતે ઓબુલાપુરમ માઇનિંગ કંપની ગેરકાયદેસર ખનન કેસમાં ચાર લોકો ને દોષિત ઠેરવ્યા છે. અદાલતે તેમને સાત વર્ષની જેલની સજા ફરમાવી છે અને દરેકને 10 હજાર રૂપિયા, જ્યારે કંપની પર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મંત્રી સબિતા ઇન્દ્ર રેડ્ડી અને ભૂતપૂર્વ અમલદાર બી કૃપાનંદમને પણ આ કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ**

1) આજના મોટા ભાગનાં અખબારોમાં દેશભરમાં યોજાનારી મોકડ્રિલના સમાચારને હેડલાઇન બનાવવામાં આવી છે

2) દિવ્ય ભાસ્કર હેડલાઇનમાં લખે છે- ગુજરાતમાં 19 શહેરોમાં આજે સાંજે ચાર વાગ્યાથી પાંચ કલાક સુધી મોકડ્રિલ ચાલશે. સાંજે 7.30થી 8.30 વચ્ચે બ્લેક આઉટ થશે.

3) ગુજરાત સમાચારની હેડલાઇન છે- ગુજરાતમાં વાવાઝોડાંનો કેરઃ 19 મૃત્યુ, ખેતીને ભયંકર નુકસાન

4) ભારત બ્રિટન વચ્ચે થયેલા મુક્ત વેપાર કરારના સમાચારને પણ કેટલાંક દૈનિકોએ પ્રાધાન્ય આપ્યું છે. અંગ્રેજી દૈનિક ઇન્ડિયન એક્સપ્રેસે આ સમાચારને હેડલાઇન બનાવી છે, જ્યારે નવગુજરાત સમયે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

5) નવગુજરાત સમય અને ગુજરાત સમાચાર પ્રથમ પાને જણાવે છે કે, હવે માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલાઓને સારવાર માટે દોઢ લાખ રૂપિયાની સહાય અપાશે

6) ગઈ કાલે એક ખાનગી ટીવી ચેનલના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીના સંબોધનને પણ અનેક દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા હેડલાઇનમાં લખે છે, **India's water will flow only in India: PM**